પોલીસ જાપ્તા પાર્ટી દ્વારા કેદીઓને પૂરી પાડવામાં આવતી ગેરકાયદેસર સુવિધાઓ પર નિયંત્રણ લાવવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ

ક્રમાંકઃજલક-૩૯૨૦૧૪-૨૫૮૨-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૫/૦૯/૨૦૧૪

વંચાણે લીધાઃ

૧. ગૃહ વિભાગના તા.૧૨/૧૦/૨૦૦૯ના જાહેરનામા ક્રમાંકઃજીજી/૭૮/૨૦૦૯/જલક/૧૧૨૦૦૯/૩૯૮૫/જ
૨. પો.મ.અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગરની તા.૨૫/૧૧/2003ની યાદી ક્રમાંકઃજી.૧/એ/૧૯૦૯/પોઇ/કેદીપાર્ટી/03/૧૩૨૯
૩. પો.મ.અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૧/૦૪/૨૦૧૦ના સ્થાયી હુકમ ક્રમાંકઃજી.૧/એસસીઆર/કેદીપાર્ટી/૬૪૪/૧૦
૪. પો.મ.અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગરની તા.૨૪/૦૫/૨૦૧૨ની યાદી ક્રમાંકઃજી.૧/એસસીઆર/કેદીપાર્ટી/૭૫૬/૨૦૧૨
૫. પો.મ.અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૪/૦૮/૨૦૧૨ના પરિપત્ર ક્રમાંકઃજી.૧/એસસીઆર/સલામતી/૧૨૨૮/૨૦૧૨

પરિપત્ર

પોલીસ જાપ્તા પાર્ટી અંગે આમુખમાં દર્શાવેલ સરકારશ્રીના જાહેરનામા તથા રાજ્ય પોલીસ વડા તરફથી બહાર પાડેલ પરિપત્ર, સ્થાયી હુકમ તથા યાદી મુજબની પ્રવર્તમાન સૂચનાઓ ઉપરાંત નીચે મુજબની કાર્યપદ્ધતિ અમલમાં મૂકવાની રહેશે.

કેદી જાપ્તા પાર્ટીમાં ફાળવવામાં આવતા કર્મચારીઓને સ્ટાફની ઉપલબ્ધિને ધ્યાને રાખી કોઇ એક કેદીના જાપ્તામાં એક વખત ફાળવવામાં આવેલ કર્મચારીને પુનઃ તે કેદીની જાપ્તાપાર્ટીમાં ત્રણ માસ સુધી ફરીથી મૂકવામાં ન આવે તે જરૂરી છે. એટલે કે એક વર્ષમાં કોઇ પોલીસ કર્મચારી એક કેદી સાથે ચાર વખતથી વધારે ન જઇ શકે, તે મુજબની કાર્યપદ્ધતિ અમલી કરવાની તેમજ આ કાર્યપદ્ધતિનું અમલીકરણ યોગ્ય રીતે થાય છે કે કેમ, તે માટે સંબંધિત જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક(મુખ્ય મથક) / નાયબ પોલીસ કમિશ્નરશ્રી(મુખ્ય મથક)એ સમયાંતરે નિરીક્ષણ કરવાનું રહેશે.

આ અંગે પોલીસ કમિશ્નરશ્રી/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ જરૂરી સુપરવિઝન રાખવા સૂચના છે. જેમાં નબળું સુપરવિઝન જણાઇ આવશે તો તેઓની જવાબદારી ગણવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશંકર ઓધવાણી)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વે, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સર્વે સંયુક્ત/નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે રેન્જ અધિકારશ્રી
સર્વ પોલીસ કમિશ્નરશ્રી
સર્વે પોલીસ અધિક્ષકશ્રી(પ.રેલ્વે સહિત)
સર્વે શાખા અધિકારીશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર